PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.18-12-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

**અંકના આકર્ષણ**

page > 2-3
કમ્પ્યુટર અને આઇ.ટી.ના અભ્યાસક્રમોની બોલબાલો વિષયે વિસ્તૃત આર્ટિકલ

page > 5
એમબીબીએશ અને બીડીએસ અભ્યાસક્રમમાં છેલ્લા રાઉન્ડના પ્રવેશની સઘળી માહિતી

page > 6-7
જેઇઇ એડવાન્સ્ડ પરીક્ષા અંગેના નીતિ નિયમોની જાણકારી

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂ.૫૦૦/-
email : shikshansarvada@gmail.com
તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૬૪ ■ વર્ષ : ૧૨ ■ તા.૧૬ થી ૩૧, ડિસેમ્બર ૨૦૧૭
પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૮૨૫૩-૪૪૯૪૪ ■ ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

## કડક નિયમો અને અટપટી-ખર્ચાળ વીઝા પોલીસી છતાં

# ભારતીય વિદ્યાર્થીઓમાં બ્રિટિશ યુનિવર્સિટીનું આકર્ષણ

યુરોપિયન યુનિયનમાંથી યુકેની વિદાય અને વિઝાના કડક નિયમો હોવા છતાં છતાં બ્રિટિશ યુનિવર્સિટીઓમાં એડ્‌મિશન લેતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. એશિયન વિદ્યાર્થીઓમાં પશ્ચિમગમનમાં એકંદરે નરમાઈ છે પરંતુ યુકેનું આકર્ષણ ઘટ્યું નથી.

કાર્ડિફ, બાથ અને એડિનબર્ગ સહિતની ટોચની યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ જણાવ્યું કે ચીન જેવા દેશની સરખામણીમાં ભારતીય વિદ્યાર્થીઓમાં યુકે જવાનું પ્રમાણ ઉંચું છે. પાઉન્ડ સ્ટર્લિંગ ઓગસ્ટ ૨૦૧૫માં વધીને ?૧૦૫ થઈ ગયો હતો અને ચાલુ વર્ષે એપ્રિલમાં તેનો ભાવ ૭૯.૪ રૂપિયા હતો. હાલમાં તેનું મૂલ્ય ૮૮ રૂપિયા છે.

પરંતુ કેટલાક માટે રાહતના સમાચાર એ છે કે યુકેની કરન્સી તેના નીચા સ્તરે છે અને તેમાં ૨૦ ટકાથી વધારે ઘટાડો થયો છે તેથી યુકેમાં શિક્ષણ લેવાનું પહેલાની સરખામણીમાં ઘણું સસ્તું પડે છે. એમબીએ એડ્‌મિશન માટે જીમેટ ટેસ્ટનું આયોજન કરતા ગ્રેજયુએટ મેનેજમેન્ટ એડ્‌મિશન કાઉન્સિલ (જીમેક)ના પ્રેસિડન્ટ સંગીત ચોફલાએ જણાવ્યું કે, ગયા વર્ષે આ ટ્રેન્ડમાં ઘટાડો નોંધાયો હતો કારણ કે બ્રેક્ઝિટના કારણે નેગેટિવ અસર હતી. પરંતુ હવે યુકેનું શિક્ષણ સસ્તું થયું હોવાથી આકર્ષણમાં ફરી વધારો થયો છે.

તેમણે કહ્યું કે અમે યુકેમાં જે નરમાઈની ધારણા કરી હતી તે જોવા મળી નથી. ગયા વર્ષે એમબીએ ડોટ કોમની મુલાકાત લેનાર એક તૃતીયાંશ જેટલા ભારતીય વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે તેઓ યુકેમાં અભ્યાસ કરવા જાય તેવી શક્યતા ઓછી છે કારણ કે બ્રેક્ઝિટ પછી ફુલટાઇમ જોબની તક ઓછી છે.

થેરેસા મે સરકારે યુકેમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે યુકેમાં રોકાણનો સમયગાળો ઘટાડવાની જાહેરાત કરી હતી. છતાં મોટા ભાગની યુનિવર્સિટીઓએ ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો નોંધાવ્યો છે. કાર્ડિફ યુનિવર્સિટી ખાતે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ગયા વર્ષે સાત ટકા વધી હતી અને પ્રારંભિક સંકેત પ્રમાણે આ વર્ષે પણ એનરોલમેન્ટના લક્ષ્યાંક સિદ્ધ થઈ જશે.

યુનિવર્સિટી ઓફ બાથે અંડરગ્રેજયુએટ કોર્સ માટે ભારતીય વિદ્યાર્થીઓની અરજીમાં ૨૦ ટકા વધારો નોંધાવ્યો છે. એડિનબર્ગ યુનિવર્સિટીમાં આ પ્રમાણ ૧૨ ટકા છે. યુકેની યુનિવર્સિટીના પ્રતિનિધિઓએ કહ્યું કે તેઓ ભારતીય વિદ્યાર્થીઓને આકર્ષવા માટે ભારે રોકાણ કરવાનું જારી રાખશે.

## લગભગ ૧,૩૮,૮૯૯ ભારતીયો મંગળ યાત્રા પર જશે

લગભગ એક લાખ ૩૮ હજાર ૮૯૯ ભારતીય મંગળ યાત્રા પર જશે. આ લોકોએ અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાનાં ઈનસાઈટ મિશન અંતર્ગત મંગળ ગ્રહ પર જવા માટેની ટિકિટ બુક કરાવી લીધી છે. નાસાએ જણાવ્યું છે કે, જે લોકોએ પોતાનું નામ નોંધાયું છે તે લોકોને ઑનલાઈન બોર્ડીંગ પાસ આપવામાં આવશે. જે નામ આપવામાં આવ્યા છે તેને એક સિલિકૉન ચિપ પર ઈલેક્ટ્રૉન બીમની મદદથી કોતરવામાં આવશે. ચિપ પર લખાયેલા અક્ષરો આપણાં વાળનાં હજારમાં ભાગ કરતા પણ પાતળા હશે. આ ચીપને મંગળ પર મોકલવામાં આવશે. નાસાનાં મંગળ મિશન માટે નામ મોકલનારા લોકોમાં ભારત ત્રીજા નંબર પર છે. આ મિશન માટે નાસાને દુનિયાભરમાંથી કુલ ૨૪,૨૯,૮૦૭ એપ્લિકેશન્સ મળી છે. મંગળ મિશન માટે નામ મોકલવાની યાદીમાં પહેલા નંબર પર અમેરિકા છે જયારે બીજા નંબર પર ચીન અને ત્રીજા નંબર પર ભારતનું નામ છે. ૬,૭૬,૭૭૩ લોકોની યાદી સાથે અમેરિકા પહેલા સ્થાન પર છે. ત્યારબાદ ચીન ૨,૬૨,૭૫૨ લોકોનાં નામ સાથે બીજા ક્રમ પર છે જયારે ભારત ૧,૩૮,૮૯૯ લોકોનાં નામ સાથે ત્રાજા નંબર પરનો દેશ છે. અંતરિક્ષ નિષ્ણાંતોનાં કહેવા મુજબ મંગળ પર જવા માટે રજીસ્ટ્રેશન કરાવનારા લોકોમાં અમેરિકા પહેલા નંબરે હોય તે તો ખૂબ સ્વાભાવિક વાત છે કારણ કે આ મિશન અમેરિકાની નાસા એજન્સી દ્વારા જ થઈ રહ્યું છે. પરંતુ ભારતનું ત્રીજા નંબર પર રહેવું એ ખૂબ જ મહત્પૂર્ણ છે. નિષ્ણાંતોનાં મત મુજબ, ભારતનું ત્રીજા નંબર પર રહેવાના બે મોટા કારણો છે. પહેલું એ કે, મંગળ મિશન પછીથા અહીં નાગરિકોમાં ઉત્સાહ અને રસ વધ્યો છે, અને બીજું એ કે ભારત અને અમેરિકા વચ્ચે અંતરીક્ષ ક્ષેત્રમાં વધી રહેલો સાથ અને સહયોગ.

**એક લાખથી વધુ ભારતીયોએ મંગળની ટિકિટ બૂક કરાવી**

# સરકારી નોકરીમાં કમ્પ્યૂટરની કોઈપણ ડિગ્રી ચાલશે

રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી કોઈપણ પ્રકારની ભરતીમાં ઉમેદવારી નોંધાવતાં વ્યકિતએ ટ્રિપલ સી એટલે કે કમ્પ્યૂટર કૌશલ્યની તાલીમ અને ટ્રિપલ સીનું સર્ટિફિકેટ જરૂરી છે. ભરતી માટે દરખાસ્ત કરનારા તમામ પાસે ટ્રિપલ સીની પરીક્ષા પાસ હોય તેનુ સર્ટિફિકેટ માંગવામાં આવે છે. ઉમેદવાર તમામ રીતે લાયક હોય અને ટ્રિપલ સી ની પરીક્ષા આપી ન હોય તો પણ તેની નિમણૂક માન્ય ગણવામાં આવતી નથી. જો કે, હવે કમ્પ્યૂટરને લગતાં કોર્સ અથવા તો એન્જિનિયરિંગને લગતાં કોઇ કોર્સમાં ડિગ્રી મેળવી હોય તો તેમને ટ્રિપલ સીની પરીક્ષા આપવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજય સરકારના કોઈપણ વિભાગમાં સીધી ભરતી માટે ટ્રિપલ સી એટલે કે કમ્પ્યૂટર નોલેજની જાણકારી ફરજિયાત કરવામાં આવી છે. જે ઉમેદવારો નિમણૂક પામે તેમની પાસે ટ્રિપલ સીની પરીક્ષા પાસનું સર્ટિફિકેટ માંગવામાં આવે છે. આ ઉપરાંત ઉચ્ચપગાર ધોરણ અથવા તો પ્રમોશન માટે પણ સીસીસી અથા તો સીસીસી પ્લસની પરીક્ષા પાસ ફરજિયાત ગણવામાં આવી છે.

છેલ્લા કેટલાય વર્ષોમાં માસ્ટર ડિગ્રી અથવા તો કમ્પ્યૂટરને લગતી ડિગ્રીઓ મેળવનારા ઉમેદવારો પણ સરકારી નોકરીઓમાં પસંદ થતાં હોય છે. આ ઉમેદવારો પાસેથી પણ નિયમ પ્રમાણે ટ્રિપલ સી સર્ટિફિકેટ માંગવામાં આવતાં હોય છે. ધીમે ધીમે સરકારના દરેક વિભાગમાં કમ્પ્યૂટરની જાણકારી ધરાવતાં ઉમેદવારોની સંખ્યા વધી રહી છે. આ સંખ્યાને ધ્યાનમા લેતાં હવે આવા ઉમેદવારોને ટ્રિપલ સીના સર્ટિફિકેટ અથવા તો પરીક્ષા આપવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવમાં આવ્યો છે.

### કઇ કઇ ડિગ્રી ધરાવતાં ઉમેદવારને ત્રિપલ સી માંથી મુક્તિ

(૧) એમ.ટેક, એમ.ઇ. કમ્પ્યૂટર ઇજનેરી (૨) એમ.ટેકએમ.ઇ. કમ્પ્યૂટર સાયન્સ (૩) એમ. ટેક એમ.ઇ. ઇન ઇન્ફોર્મેશન ટેકનોલોજી (૪) એમ.ટેકએમ.ઇ.

### કમ્પ્યૂટરને લગતી કોઈપણ ડિગ્રી ધારકને ત્રિપલ સીની પરીક્ષામાંથી મુક્તિ

ઇન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી (૫) એમ.ટેકએમ.ઇ. ઇન કમ્પ્યૂટર સાયન્સ (૬) એમ.ટેકએમ.ઇ. સોફટવેર ઇજનેર (૭) એમ.ટેકએમ.ઇ. કમ્પ્યૂટર નેટવર્ક (૮) એમ.ટેક ઇન નેટવર્ક સિક્યોરિટી (૯) એમ.ટેક ઇન કમ્પ્યૂટર એન્જિનિયરિંગ (૧૦) બી.ટેક. બી.ઇ. ઇન કમ્પ્યૂટર ઇજનેરી (૧૧) બી.ટેકબી.ઇ. કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઇજનેરી (૧૨) એમ.એસસી ઇન કમ્પ્યૂટર સાયન્સ (૧૩) એમ.એસસી ઇન્ફોર્મેશન ટેકનોલોજી (૧૪) માસ્ટર ઇન કમ્પ્યૂટર એપ્લિકેશન (૧૫) એમએસસી ઇન કમ્પ્યૂટર સાયન્સ (૧૬) બી.એસસી ઇન કમ્પ્યૂટર સાયન્સ (૧૭) બી.એસસી ઇન ઇન્ફોર્મેશન સાયન્સ (૧૮) ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર એપ્લિકેશન (૧૯) બીસીએ (૨૦) પીજીડીસીએ (૨૧) ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર ઇજનેરી વગેરેનો સમાવેશ કરાયો છે.

**બોર્ડના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે શિક્ષણ સર્વદા એક જ એવું માધ્યમ જે માહિતીઓથી વાકેફ રાખેઃ લવાજમ માટે સંપર્ક કરોઃ ૯૮૨૫૩ ૪૪૯૪૪**

# કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં મંદી છે, ગુજરાતમાં નોકરી નહીં મળે આવી વાતો કરનારાથી દૂર રહેજો



વિદેશોમાં વર્ષોથી કોમ્પ્યુટરનો ઉપયોગ શરૂ થયો છે. પરંતુ ભારતમાં હજુ જોઇએ તેટલો ઉપયોગ કરાતો નથી. દુનિયામાં જેટલા કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂર છે તેના કરતાં ચોથા ભાગના પણ બહાર પડતા નથી. મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે પી.સી. અને મોનીટર એવું માનતાં હોય છે. પરંતુ કોમ્પ્યુટરનો અર્થ અને ઉપયોગ વિશાળ છે.

દુનિયાની કોઈપણ સ્વયં સંચાલિત વસ્તુ કોમ્પ્યુટર વિના શકય નથી. ગુજરાતમાં બે વર્ષ પહેલા ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ મોટાભાગે કોમ્પ્યુટર બ્રાન્ચ પર જ પસંદગી ઉતારતાં હતા. પરંતુ વચ્ચેના સમયમાં મંદીના કારણે કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ડિમાન્ડ ઓછી થઈ છે, ગુજરાતમાં નોકરી નહીં મળે આવી વાતો કરનારાઓ હકીકતમાં ગપ્પો તો છોડે છે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ ગેરમાર્ગે દોરતા હોય છે. કમ્પ્યૂટર ફિલ્ડ એવર ગ્રીન છે અને એવું નથી કે ફક્ત સાયન્સમાં મેથ્સ ભણેલા વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર એજ્યુકેશન મેળવી શકે. આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓ પણ આ ફિલ્ડમાં પૂરતો અભ્યાસ અને તાલિમ લઇને જબરદસ્ત કરીયર બનાવી શકે તેમ છે.

આજના જમાનામાં કોમ્પ્યુટર બ્રાન્ચ વૈશ્વિક સ્તરે હોટ ફેવરિટ બનતી જાય છે. કોમ્પ્યુટર ઇજનેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો માને છે કે આગામી ૨૦ વર્ષ સુધી કોમ્પ્યુટર બ્રાન્ચ પસંદ કરનારા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી આવે તેમ નથી. કારણ કે ભારતમાં હજુ તેનો પૂરતો ઉપયોગ જ શરૂ થયો નથી. આ સિવાય વિદેશમાં તો દિનપ્રતિદિન કોમ્પ્યુટરની ડિમાન્ડ વધતી જાય છે.

કોમ્પ્યુટર બ્રાન્ચનું વર્તમાન તાજેતરમાં ફેસબુક અને માઇક્રોસોફ્ટના એક્સપર્ટની ચર્ચામાં એવી વિગતો બહાર આવી હતી કે દુનિયામાં ચાર લાખ કોમ્પ્યુટર પ્રોગ્રામરોની જરૂરિયાત સામે માત્ર એક લાખ મળે છે. ભવિષ્યમાં તકો સતત વધતી રહેવાની છે. કોમ્પ્યુટર ઇજનેર બન્યા બાદ વિદ્યાર્થીઓ કોઇપણ આઇઆઇટી કે અન્ય સંસ્થાઓમાં પ્રવેશ લઇને એમ.ટેક અને પછી પી.એચડી સુધીનો અભ્યાસ કરી શકે છે.

કોમ્પ્યુટરમાં બે રીતે વિદ્યાર્થીઓ આગળ વધી શકે છે એક તો રિસર્ચ પ્રોગ્રામિંગ અને નેટવર્કિંગ એન્જિનિયરિંગ. અભ્યાસ પૂરો કર્યા પછી માઇક્રોસોફ્ટ, ઓરેકલ, ગુગલ, ફેસબુક, ફલીપકાર્ડ, એમેઝોન સહિતની મલ્ટિનેશનલ કંપનીઓમાં સારા પગારથી નોકરીઓ મેળવી શકે છે. અભ્યાસ પછી વિદ્યાર્થીઓ વ્યક્તિગત અથવા તો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ ભેગા મળીને બિઝનેસ પણ શરૂ કરી શકે છે.

કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ભારતમાં હજુ પણ મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે ઘરમાં પડેલું પી.સી. અને મોનિટર એવો અર્થ કરે છે. પરંતુ દુનિયામાં ચાલતી તમામ ઓટોમેટિક વસ્તુ એટલે કે સ્વયંસંચાલિત વસ્તુઓમાં કોમ્પ્યુટરની જરૂર પડે છે. ન્યૂક્લિયર રિએક્ટર સહિતની પ્લાન્ટોમાં માઇક્રો કોમ્પ્યુટરની જરૂર પડતી હોય છે.

આપણા દેશમાં કોમ્પ્યુટરનો ઉપયોગ જેટલો થવો જોઇએ તેટલો થયો નથી. જેના કારણે કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ઉજ્જવળ છે અને રહેશે. વિદેશમાં હાલ તમામ ચીજવસ્તુઓ ઉપરાંત રોજબરોજનું જીવન કોમ્પ્યુટર પર આધારિત છે. આપણે ત્યાં પણ ભવિષ્યમાં આ સિસ્ટમ લાગુ થાય તેવી શકયતા હોવાના કારણે વધુને વધુ કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂરિયાત ભી થાય તેમ છે.

હાલમાં ધો.૧૨ પાસ કરીને ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે તૈયાર થતાં વિદ્યાર્થીઓએ કોઇપણ પ્રકારની મુંઝવણ વિના અને કોમ્પ્યુટરના ભવિષ્યની ચિંતા કર્યા વિના આ બ્રાન્ચની પસંદગી કરી શકે છે. અને શિક્ષણ સર્વદા કરિયર ગાઇડન્સ સેમિનારમાં પણ આ બ્રાન્ચની ઉપયોગીતા વિશે વિશેષ બાબતો કહેવામાં આવે છે.

# કોમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્યારેય મંદી નહીં આવે તેવી નોકરી, વ્યવસાય અને ધંધો

# એવરગ્રીન અને ગ્લોબલ એજ્યુકેશન એટલે આઈ.ટી. એન્જિનિયરિંગ

માત્ર ભારત જ નહીં, વિદેશોમાં પણ આજે એન્જિનિયરિંગની સૌથી હોટ ફેવરિટ ગણાતી બ્રાન્ચ ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજીની છે. કોમ્પ્યુટર અને આઈ.ટી. બ્રાન્ચમાં ઘણા ખરા અંશે સામ્યતા છે. આમ છતાં આઈ.ટી.ની તકો વિશાળ છે. વિદ્યાર્થીઓમાં આવડત હોય તો શકયતાઓ વિપુલ છે. દુનિયામાં દિવસે દિવસે નવા નવા સંશોધનો થતાં જ રહે છે.

એક વખત સંશોધન થયા પછી તેની યોગ્ય રીતે જાળવણી કરવા માટે આઈ.ટી. ઇજનેરોની જરૂરયાત પડતી હોય છે. ગુજરાતમાં પાંચ વર્ષ પહેલ આઈ.ટી.ની જોરદાર ડિમાન્ડ આવતાં બોર્ડમાં ટોપ રેન્કમાં આવનારા વિદ્યાર્થીઓ પણ તે સમયે આઈ.ટી.બ્રાન્ચમાં પ્રવેશ લેવાનું પસંદ કરતાં હતા.

પછીના સમયમાં ભારત અને વિદેશમાં પણ મંદીના માહોલ વચ્ચે આઈ.ટી.બ્રાન્ચની ડિમાન્ડ ઘટતાં બેઠકો ખાલી પડે અથવા તો ઓછા ટકાએ પણ આઈ.ટી.માં પ્રવેશ મળી જાય તેવી પરિસ્થિતિ ભી થઈ હતી. આમ છતાં હવે ફરીવાર આઈ.ટી.ની ડિમાન્ડ ભી થઈ રહી છે. આગામી દિવસોમાં સતત આઈ.ટી.ની માંગ વધતી રહેશે તેવું નિષ્ણાતો કહે છે.

આઈ.ટી. બ્રાન્ચનું વર્તમાન કોમ્પ્યુટર અને આઈ.ટી બ્રાન્ચમાં કેટલીક સામ્યતા રહેલી છે. હાલ કોમ્પ્યુટરનો જમાનો શરૂ થયો છે. પાંચ વર્ષ પહેલા ઇન્ટરનેટ અને સ્માર્ટફોન બહુ ઓછા લોકો ઉપયોગ કરતાં હતા. હવે મોટી સંખ્યામાં લોકો તેનો ઉપયોગ કરતાં થયા છે. આગામી દિવસોમાં કદાચ ઘરે ઘરે ઇન્ટરનેટ અને સ્માર્ટફોન રોજિંદા ઉપયોગમાં લેવાતા થશે.

આ ઇન્ટરનેટ અને સ્માર્ટફોન માટેની એપ્લિકેશન માટે આઈ.ટી. ઇજનેરોની જરૂરયાત ભી થતી હોય છે. આજ રીતે હાલ સોશિયલ નેટવર્કિંગ વધી રહ્યું છે. અવનવી ગેમ્સ પણ બજારમાં આવી રહી છે. આ તમામ માટે નવી નવી એપ્લિકેશનની જરૂર પડશે તે આઈ.ટી.એન્જિનીયરો પૂરી પાડશે. આઈ.ટીમાં મુખ્ય બે પ્રકારો હોય છે.

આઈ.ટી. ડેવલપર્સ અને આઈ.ટી. પ્રોગ્રામર. એપલ સહિતની તમામ કંપનીઓ દિવસે દિવસે કોમ્પ્યુટર અને ફોન સહિતની ચીજવસ્તુઓમાં નવા નવા મોડલો લાવી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં પણ નવા નવા ઈન્ડસ્ટ્રીઝ ઝોનને વાઈફાઈ સુવિધાઓ આપવાનું નક્કી કરાયું છે. ધીમે ધીમે લોકો સાયબર કાફેમાં જતા તેના બદલે હવે ઘરે જ નેટ યૂઝ કરતાં થયા છે. જેના કારણે વધુને વધુ આઈ.ટી. પ્રોગ્રામરોની માગ વધશે. દેશમાં રોજની લાખો એપ્લિકેશન ડાઉનલોડ થતી રહે છે તેના માટે પણ આઈ.ટી નિષ્ણાતો જરૂરી છે.

આઈ.ટી. બ્રાન્ચનું ભવિષ્ય આવી ટેકનોલોજી એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીઝમાં એપ્લાય કરવામાં આવે તો ઘણી ઓછી મહેનતે વધુ સરળતાથી ઘણા કામો ટૂંકા સમયમાં પૂરા થઈ શકે છે. જેમ કે પાક લણવા માટે હાર્વેસ્ટિંગ રોબોટનો ઉપયોગ થઈ શકે તેમ છે. આમ ઘણા બધા રોબોટ બની શકે તેમ છે.

જેમ કે, ફ્રુટ તોડવા માટે ફ્રુટ પેકિંગ રોબોટ, ખેતી માટે ડ્રાઈવર લેસ રોબોટ, ખાતરનો છટકાંવ કરવા માટે પણ સ્પેશિયલ રોબોટ બનાવી શકાય તેમ છે. અંતે દરેક ક્ષેત્રે રોબોટ કાર્યરત કરી ઝડપથી કામ પૂરું કરી શકાય છે.

જો આદર્શ રીતે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ એગ્રીકલ્ચર ઇન્ડસ્ટ્રીમાં કરવામાં આવે તો આપણો ખેડૂત રોબોટ દ્વારા બહુ જ સરળતાથી એનું કામ ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા વિના કરતો હશે.

ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઓટો મોબાઈલ ઇન્ડસ્ટ્રી, બાયો મેડિકલ, નેનો ટેક્નોલોજી ઉપરાંત એજયુકેશન ઈન્ડસ્ટ્રી ફિલ્ડમાં પણ ખૂબ જ ઉપયોગ થઈ શકે છે. આપણે અહીંયા માત્ર અમુક ક્ષેત્રનો જ ઉલ્લેખ કર્યો છે. પરંતુ ઈન્ફર્મેશન ટેક્નોલોજી દરેક જગ્યાએ ભવિષ્યમાં ઉપયોગી નીવડી શકે તેમ છે.

# અમરોલી કોલેજના વિદ્યાર્થીઓને આઈ.ટી. અને સાઈબરસિક્યુરિટી અવેરનેસ અંગે ગાઈડન્સ અપાયું



**શહેરના અમરોલી ખાતે આવેલી અમરોલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ હાલમાં સોશ્યલ મિડીયાની બોલબાલાના જમાનામાં આઈ.ટી. કે સાઈબર ક્રાઈમનો ભોગ ન બને અને આજના યુગમાં સલામત રીતે નેટ બેકિંગ, સોશ્યલ મિડીયા સમેતના અકાઉન્ટસને કેવી રીતે સલામત રાખવા, પાસર્વડ પ્રોટેકશન વગેરે બાબતોથી માહિતગાર કરવા માટે એક કોમ્પ્રીહેન્સિલ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞોએ વિદ્યાર્થીઓને ભરપૂર ઉપયોગી ટીપ્સ આપી હતી.**

# વિદ્યાર્થીઓને કારકિર્દીની માહિતી આપવાનો શ્રેષ્ઠ સમય છે, સંપર્ક કરો

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, આઇસીએસઇ બોર્ડ વગેરે બોર્ડની ધો.૧૦ તેમજ ધો.૧૨ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવાનો સૌથી શ્રેષ્ઠ સમયગાળો હાલ ચાલી રહયો છે. વિદ્યાર્થીને એ પરિસ્થિતિનો ખ્યાલ આવે કે તેણે જે અભ્યાસક્રમ તરફ જવું છે અથવા જેમાં જવા માટે તે વિચારી રહયો છે તેમાં પ્રવેશ માટે કઈ કઈ પ્રવેશ પરીક્ષા આપવી પડે અને તેમાં કેવા પ્રકારનું મેરિટ અથવા પરીણામ જોઇએ. આ તમામ માહિતીઓ શિક્ષણ સર્વદાનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર રાખવા હોય તેમણે તાત્કાલિક પોતાની અનુકૂળ તારીખ નક્કી કરીને શિક્ષણ સર્વદાના હેલ્પલાઇન નં.૯૮૨૫૩-૪૪૯૪૪ પર જાણ કરવી. જેથી કરીને દરેક શાળા અનુસાર યોગ્ય તારીખે સેમિનાર યોજી શકાય. આ સેમિનાર ચાર્જેબલ છે.

# બીસ્કૂલ્સ અને આઈઆઈટી સિવાયની કોલેજમાં પણ ફ્રેશર્સને તગડાં પેકેજ

દિલ્હીની લેડી શ્રીરામ કોલેજ ફોર વિમેનના પ્રથમ ક્વાર્ટરના પ્લેસમેન્ટમાં ઈકોનોમિક્સના વિદ્યાર્થીને ભારતમાં જ જોબ માટે રૂ.૩૮ લાખનું પેકેજ મળ્યું છે. બેન્ક ઓફ અમેરિકા મેરિલ લિંચે આ ઓફર કરી છે.

ભારતની અગ્રણી કોલેજોમાં અંડરગ્રેજ્યુએટ પ્લેસમેન્ટમાં વધારો નોંધાયો છે. કંપનીઓ ઉત્તમ ટેલેન્ટ મેળવવા બીસ્કૂલ્સ અને આઈઆઈટી, આઈઆઆઈએમ ઉપરાંત, અન્ય કોલેજો તરફ નજર દોડાવી રહી છે. રિક્રુટમેન્ટ એજન્સીઝ આ વખતે વિવિધ કેમ્પસમાંથી અગાઉની તુલનામાં મોટી સંખ્યામાં ભરતી કરી રહી છે અને મેનેજમેન્ટ કોલેજના વિદ્યાર્થીઓના સરેરાશ પગાર કરતાં વધુ પેકેજ ઓફર કરી રહી છે.

સેન્ટ સ્ટિફન્સ કોલેજ, શ્રી રામ કોલેજ ઓફ કોમર્સ, હિંદુ કોલેજ, મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજ અને ચેન્નાઈની લોયોલા કોલેજના પ્લેસમેન્ટમાં સરેરાશ પગારમાં ૧૮૫૦ ટકાની રેન્જમાં ઉછાળો નોંધાયો છે. સેન્ટ સ્ટિફન્સ કોલેજના એક વિદ્યાર્થીને બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ તરફથી સૌથી વધુ રૂ૨૦ લાખની ઓફર મળી હતી.

બીસીજીએ એસ.આર.સી.સી.ના વિદ્યાર્થીને પણ રૂ.૨૦ લાખની સર્વોચ્ચ ઓફર કરી હતી. તમામ ઓફર ભારત ખાતેના હોદ્દા માટે જ કરવામાં આવી છે.

આઈઆઈએમ અમદાવાદ, બેંગલુરુ અને કોલકાતા તેમજ આઈઆઈટી ખાતે ફ્રેશર્સને સરેરાશ રૂ.૧૨થી લાખથી રૂ.૧૭ લાખની રેન્જમાં પગાર ઓફર કરવામાં આવ્યો છે. ગઈ પ્લેસમેન્ટ સીઝનમાં ઓફર્સ ઘણી ચી રહી હતી, પણ એ વૈશ્વિક સ્તરના હોદ્દા માટે હતી. એ વખતે અખાતી દેશની મેનેજમેન્ટ કન્સલ્ટન્સી આર્થર ડી લિટલે સેન્ટ સ્ટિફન્સ કોલેજના વિદ્યાર્થીને રૂ.૪૦ લાખનું પેકેજ આપ્યું હતું. કોઈ પણ કંપની દ્વારા ભરતી કરવામાં આવતા વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા આ વખતે અગાઉનાં વર્ષોની તુલનામાં વધી છે.

મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજના પ્લેસમેન્ટ કન્વીનર સોની જ્યોર્જે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે દરેક કંપની દ્વારા વિદ્યાર્થીઓની પસંદગીમાં વધારો નોંધાયો છે.હિંદુ અને એસઆરસીસી જેવી અગ્રણી કોલેજનો સરેરાશ પગાર રૂ. ૮૯ લાખ રહ્યો છે, જે ગયા વર્ષે રૂ.૬૭ લાખ હતો.

ધ હિંદુ કોલેજના પ્લેસમેન્ટ સેલ ડીસા ના કોપ્રેસિડન્ટ સૌરભ છાબરાએ જણાવ્યું હતું કે, અમારા પ્લેસમેન્ટ સેલના ઈતિહાસમાં વર્તમાન બેચના વિદ્યાર્થીઓને અત્યાર સુધીમાં સૌથી ઝડપી નોકરી મળી છે. અત્યાર સુધીમાં અમે ૬૪ ટકા પ્લેસમેન્ટ હાંસલ કર્યું છે. જોકે, ચાલુ વર્ષે અમને ૯૫ ટકાના પ્લેસમેન્ટ રેટનો લક્ષ્યાંક હાંસલ કરવાનો ભરોસો છે.

ઈન્સ્ટિટ્યૂટે અત્યાર સુધીમાં ૪૭ વિદ્યાર્થીનું પ્લેસમેન્ટ કર્યું છે, જે ગયા વર્ષની તુલનામાં ૩૩ ટકા વૃદ્ધિ દર્શાવે છે. જછઈઈ પ્રોફેશનલ સર્વિસિસ ફર્મ ડેલોઇટ આ વખતે સ્થાનિક જોબની ૩૯ ઓફર્સ સાથે ટોચની રિક્રુટમેન્ટ એજન્સી રહી હતી.




# IITના વિદ્યાર્થીઓને માઈક્રોસોફ્ટનું રૂ.૧.૩૯ કરોડનું પેકેજ

ટોચની વૈશ્વિક IT કંપની માઈક્રોસોફ્ટે IITના વિદ્યાર્થીઓને સૌથી વધુ પેકેજ ઓફર કર્યું છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ્સ ઓફ ટેક્નોલોજી (IIT)માં ગુરુવારથી પ્લેસમેન્ટનો પ્રારંભ થયો હતો. માઈક્રોસોફ્ટ તેના રેડમંડ હેડક્વાર્ટર ખાતેની જોબ માટે વર્ષે લગભગ રૂ.૧.૩૯ કરોડનું પેકેજ આપવા તૈયાર છે.

કેમ્પસ સૂત્રોના જણાવ્યા અનુસાર માઈક્રોસોફ્ટના ૨,૧૪,૬૦૦ ડોલરના કુલ પેકેજમાં ૧,૦૮,૦૦૦ ડોલરની બેઝ સેલરી, ૨૧,૬૦૦ ડોલરના પર્ફોર્મન્સ બોનસ, ૧૫,૦૦૦ ડોલરના જોઈનિંગ બોનસ અને ૭૦,૦૦૦ ડોલરના સ્ટોક યુનિટ્સનો સમાવેશ થાય છે. ગયા વર્ષની તુલનામાં માઈક્રોસોફ્ટના પેકેજનો આંકડો મોટી વૃદ્ધિ દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, માઈક્રોસોફ્ટે રેડમંડ ખાતેની જોબ માટે IITના વિદ્યાર્થીઓને બેઝ પે (૧,૦૬,૦૦૦ ડોલર), અન્ય વેરિયેબલ્સ અને સ્ટોક ઓપ્શન્સ સહિત કુલ ૧,૩૬,૦૦૦ ડોલરનું પેકેજ ઓફર કર્યું છે.

અમેરિકાની કેબ એગ્રિગેટર ઉબર ટેક્નોલોજિસ લગભગ ૧,૧૦,૦૦૦ કરોડનો બેઝ પે ઓફર કરી રહી છે. જોકે, માઈક્રોસોફ્ટની તુલનામાં નીચા બોનસ અને સ્ટોક ઓપ્શન્સને કારણે ઉબરનું પેકેજ લગભગ ૧,૫૫,૦૦૦ ડોલર (રૂ.૯૯.૮૭ લાખ) થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર માઈક્રોસોફ્ટે કાનપુર, બોમ્બે, મદ્રાસ, બીએચયુ (બનારસ હિંદુ યુનિવર્સિટી) અને રુરકી કેમ્પસમાં આ પેકેજ ઓફર કર્યું હોવાનું મનાય છે. જોકે, કેટલાક કિસ્સામાં ફાઈનલ પેકેજ ઉંચું હોઈ શકે. માઈક્રોસોફ્ટે આ મુદ્દે ઝના પ્રૌનો જવાબ આપ્યો ન હતો.

ઉબરે ઝને જણાવ્યું હતું કે, તે ગયા વર્ષની તુલનામાં કર્મચારીઓની સંખ્યામાં વધારો કરશે. ઉબરના ભારત અને સાઉથ એશિયા ખાતેના ચીફ પીપલ ઓફિસ વિશ્પાલા રેડ્ડીએ જણાવ્યું હતું કે, અમે ભારતમાં હાજરી મજબૂત કરી રહ્યા છીએ ત્યારે કંપની આગામી સમયમાં ઉત્તમ ટેલેન્ટની ભરતી કરવાની યોજના ધરાવે છે. ચાલુ વર્ષે અમે દિલ્હી, મદ્રાસ, ખડગપુર, રુરકી, ગુવાહાટી, ઈઈઝ, બોમ્બે અને કાનપુર IITની મુલાકાત લઈશું.

સેમસંગ કોરિયાએ કેટલાક કેમ્પસમાં પ્રિપ્લેસમેન્ટ ઓફરનો રૂટ પસંદ કર્યો હતો. કંપની હાલ ૧,૫૦,૦૦૦ ડોલર (રૂ.૯૬.૮ લાખ) ઓફર કરી રહી છે. અમેરિકાની ક્લાઉડ ડેટા મેનેજમેન્ટ કંપની રુબ્રિકે ૧,૧૫,૦૦૦ ડોલર (રૂ.૭૪ લાખ)નું પેકેજ ઓફર કર્યું છે.

અન્ય કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવી રહેલા ઉંચા ડોમેસ્ટિક પેકેજમાં ટાવર રિસર્ચ (રૂ.૩૨૪૨ લાખ)નો સમાવેશ થાય છે. આમ તો ચું પેકેજ ઓફર કરતી કંપનીઓમાં ઓરેકલ સામેલ હોય છે, પણ કંપનીએ આ વખતે સ્થાનિક જોબ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. IIT પ્લેસમેન્ટના સૂત્રએ જણાવ્યું હતું કે, કંપની લગભગ ?૨૩ લાખ ચૂકવી રહી છે.

ચાલુ વર્ષે IITની પ્રિપ્લેસમેન્ટ ઓફર્સમાં ઉછાળો નોંધાયો છે, જે ઈન્સ્ટિટ્યૂટ માટે સારા સમાચાર છે. મોટા ભાગના ઈન્સ્ટિટ્યૂટ્સે આ વખતે નવી કંપનીઓને રિક્રુટમેન્ટ માટે આમંત્રણ આપ્યું છે.

# IIT પ્લેસમેન્ટમાં એશિયાની બોલબાલા

આઈઆઈટી પ્લેસમેન્ટમાં અમેરિકન કંપનીઓ કરતાં એશિયન કંપનીઓએ મેદાન માર્યું છે. મોટા ભાગની ઓફર જાપાન, તાઈવાન, સાઉથ કોરિયા અને સિંગાપોરમાંથી આવી છે. માઈક્રોસોફ્ટે અમેરિકા માટે ગયા વર્ષ કરતાં વધુ ઓફર કરી હોવા છતાં એશિયન કંપનીઓ મોખરે રહી છે. આ વખતે ઓરેકલે અમેરિકા માટે ભરતી કરી નથી. ૧ ડિસેમ્બરથી શરૂ થયેલા ફાઈનલ પ્લેસમેન્ટના પ્રારંભિક દિવસોના ઈટીએ એકત્ર કરેલા ડેટા પરથી એવું તારણ નીકળે છે કે આઈઆઈટી મદ્રાસ અને આઈઆઈટી ખડગપુર ખાતે વિદેશી ઓફરો ત્રણ ગણી થઈ છે. આઈઆઈટી મદ્રાસમાં વિદેશી ઓફર છથી વધીને ત્રણ જ દિવસમાં ૨૨ થઈ છે. આઈઆઈટી ખડગપુરમાં આ સંખ્યા નવીથી વધીને ૩૦ થઈ છે. આઈઆઈટી રૂરકીમાં તે સાતથી વધીને ૧૩ થઈ છે. આઈઆઈટી કાનપુરના વિદ્યાર્થીઓને થયેલી ઓફરની સંખ્યા ૨૦ થઈ છે, જે ગયા વર્ષ કરતાં ૫૦ ટકાથી વધુ છે એમ પ્લેસમેન્ટ ટીમના એક સભ્યએ જણાવ્યું હતું. આઈઆઈટી બોમ્બેમાં ત્રણ દિવસમાં વિદેશી ઓફર ૫૦થી વધીને ૬૦ થઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે એશિયન કંપનીઓ દ્વારા ટેક્નોલોજી ક્ષેત્રે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની મોટા પાયે ભરતી થઈ રહી હોવાથી આંતરરાષ્ટ્રીય ઓફરમાં વધારો થયો છે. જેમ કે આઈઆઈટી રૂરકી ખાતે અમેરિકાની તમામ ત્રણેય ઓફર માઈક્રોસોફ્ટ દ્વારા થઈ છે. આની સરખામણીમાં જાપાનીઝ માર્કેટપ્લેસ મેરસારીએ નવ ઓફર કરી છે. આઈઆઈટી કાનપુરમાં ૧૦થી વધુ ઓફર જાપાન, તાઈવાન, સિંગાપોર સહિતના એશિયાના દેશો માટે થઈ છે. આઈઆઈટી મદ્રાસના વિદ્યાર્થીઓએ નવ ઓફર કરી છે. પ્લેસમેન્ટ સૂત્રોના જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓ એશિયન કંપનીઓમાં જોડાવા આતુર છે. રૂપિયાના સંદર્ભમાં પગાર ઓછો હોવા છતાં વૃદ્ધિની સંભાવના અને જીવનધોરણના ઓછા ખર્ચને કારણે વિદ્યાર્થીઓ એશિયન દેશો પસંદ કરે છે.

# ટોપ એક્ઝિક્યુટિવ્સે દિલ્હીમાં આકર્ષક જોબ ઓફર ફગાવી

*પ્રદૂષિત વાતાવરણને કારણે ચીફ એક્ઝિક્યુટિવ અને ચીફ અકાઉન્ટસ ઓફિસર (સી.ઓ.)ના સંભવિત ઉમેદવારો દિલ્હી અને એનસીઆરમાં નોકરી કરવા તૈયાર નથી. પખવાડિયા પહેલાં રિક્રુટમેન્ટ કંપની બીટીઆઈ કન્સલ્ટન્ટ્સે બેંગલુરુ ખાતેની એક ફાર્મા કંપનીના સીએક્સઓને લગભગ ૪૦ ટકા ઉંચું પેકેજ ઓફર કર્યું હોવા છતાં પ્રદૂષિત હવામાનનું કારણ આપી તેણે ઓફર નકારી કાઢી હતી.*

*બીટીઆઈ કન્સલ્ટન્ટ્સના એમડી જેમ્સ અગ્રવાલે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિએ પ્રદૂષણનું કારણ આપી જોબ ઓફર નકારી હોય તેવું આ પહેલું ઉદાહરણ છે. છેલ્લા કેટલાક મહિનામાં ઘણા એક્ઝિક્યુટિવ્સે દિલ્હી/એન.સી.આર. જવામાં ખચકાટ અનુભવ્યો હોવાનાં ઉદાહરણ છે, પણ એવો કોઈ કિસ્સો ન હતો જેણે ઓફરને સંપૂર્ણપણે નકારી કાઢી હોય. ટ્રાન્સર્ચ ઈન્ડિયાના અમેરિકા ખાતેના ગ્રાહકે દિલ્હીમાં પ્રદૂષિત હવાના કારણે યુનાઈટેડ એરલાઈન્સની ફલાઈટ રદ થવાથી ભારતની ટ્રિપ કેન્સલ કરી હતી. ટ્રાન્સર્ચના મેનેજિંગ પાર્ટનર ઉદય ચાવલાએ જણાવ્યું હતું કે, એરલાઈને ફલાઈટ શરૂ કરી હોવા છતાં ક્લાયન્ટ દિલ્હીના પ્રવાસ પહેલાં વાતાવરણમાં વધુ સુધારો થવાની રાહ જોઈ રહ્યા છે. ટ્રાન્સર્ચના ક્લાયન્ટ લીડરશિપ પોઝિશન માટે ઈન્ટરવ્યૂ લેવા દિલ્હીની મુલાકાત લેવાના હતા.*

*ચાવલાના જણાવ્યા અનુસાર માત્ર વિદેશી નહીં, ભારતનાં અન્ય શહેરોના ક્લાયન્ટ્સ પણ દિલ્હી આવવાનું ટાળી રહ્યા છે. અન્ય એક સર્ચ ફર્મ કોર્ન ફેરીના જણાવ્યા અનુસાર વિદેશી એક્ઝિક્યુટિવ્સ અને વિદેશી મૂળના અધિકારીઓની ભરતી અત્યારે અટકી ગઈ છે.*

*કોર્ન ફેરીના એમડી નવનીત સિંઘે જણાવ્યું હતું કે, વિદેશી પ્રવાસીઓએ કામચલાઉ ધોરણે મુલાકાત મોકૂફ રાખી છે.મર્સરના 'ક્વોલિટી ઓફ લીવિંગ' રેન્કિંગમાં નવી દિલ્હીનો ક્રમ તળિયે છે. આ યાદીમાં હૈદરાબાદ અને પૂણે જેવા શહેરનો ક્રમ ઉપર છે. મર્સરના જણાવ્યા અનુસાર ગુનાખોરીનો નીચો દર, ઓછું પ્રદૂષણ તેમજ ઈન્ટરનેશનલ અને પ્રતિષ્ઠિત ઈંગ્લિશ સ્પીકિંગ સ્કૂલ્સના વિકલ્પમાં સુધારાને કારણે બીજી હરોળનાં કેટલાંક શહેરોમાં 'ક્વોલિટી ઓફ લીવિંગ' વધુ સારું રહયું છે.*

*હેડ હંટર્સ ઈન્ડિયાના સ્થાપક ક્રિસ લક્ષ્મીકાંતે એક ઉદાહરણનો ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર દિલ્હીની એક ઈકોમર્સ કંપનીએ પ્રથમ રાઉન્ડ પછી ભરતીની પ્રક્રિયા બંધ કરી દીધી હતી. તેના ટોપ એક્ઝિક્યુટિવ અમેરિકાની ઈકોમર્સ કંપનીમાં કાર્યરત હતા અને તેમણે દિલ્હી/એન.સી.આર. શિફટ થવાનો ઈનકાર કર્યો હતો.*

*લક્ષ્મીકાંતના જણાવ્યા અનુસાર આ વ્યક્તિને સ્ટોક ઓપ્શન્સ ઉપરાંત, પાંચ લાખ અમેરિકન ડોલરની ઓફર કરવામાં આવી હતી. જોકે, તેમણે બાળકો પર પ્રદૂષિત વાતાવરણની પ્રતિકૂળ અસરનું કારણ આપી ઓફરનો ઈનકાર કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, ૬૦ ટકા ચું પેકેજ પણ એ વ્યક્તિનું મન બદલી શકી નહીં.*

# બાળકના જન્મ પછી લગ્ન થાય ત્યાં સુધી ડગલે ને પગલે રૂપિયા જોઇશે?

સર્વદા ન્યૂઝ

કોઇ પણ દંપતિ માટે બાળકનું આગમન તેમના જીવનની યાદગાર ઘટનાઓમાંની એક છે. ઘરમાં એક નવા સભ્યના આગમનની અસર કોઈપણ પરિવારની નાણાકીય બાબત પર થાય છે. ખાદ્ય ચીજવસ્તુઓ અને વસ્ત્રો જેવી વિવિધ ચીજવસ્તુઓ પર રોજિંદા ખર્ચમાં વધારા ઉપરાંત દંપતિને ડોક્ટરની ફી , રસી વગેરેના ખર્ચ ધ્યાનમાં લેવાની જરૂર છે. એટલે કોઇ પણ દંપતિએ બાળકના જન્મ અગાઉ તેમની નાણાકીય બાબતોનું ધ્યાનપૂર્વક આયોજન કરવાની જરૂર છે.

## બાળકોના જન્મ અગાઉ

બાળકના જન્મ અગાઉ તમારે સુનિશ્ચિત કરવું જોઇએ કે બાળકના જન્મ પછી તમારે નાણાકીય ભીડનો સામનો ન કરવો પડે. જો તમારી પત્ની નોકરી કરતી હોય, તો તમારે તમારી પોતાની આવક પર જ ગુજરાન કરવાનું શીખવું પડશે. ગ્રીષ્મ વેલ્થ એડવાઇઝરના ફાઇનાન્શિયલ પ્લાનર ચારુલ શાહ સૂચવે છે કે, ''કોઈપણ વ્યક્તિએ થોડા મહિના માટે આવક પર કરકસરયુક્ત જીવન જીવવું જોઈએ. કોઈ પોતાની પત્નીની આવકને ફિક્સ્ડ ડિપોઝિટ કે ટૂંકા ગાળાના ડેટ ફંડમાં રોકાણ કરી શકે છે. તેના બે ફાયદા છે. પ્રથમ, તમે સિંગલ આવક પર ગુજરાન ચલાવી શકશો કે નહીં તે નક્કી કરી શકશો. બે, તેનાથી ડિલીવરી સંબંધિત ખર્ચ સરભર કરવા તમે ભંડોળ ઉભું કરી શકશો. જો તમે તમારી આવકમાં ગુજરાત ન ચલાવી શકો, તો તમારે બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવો જોઇએ, કારણ કે બાળકના જન્મ પછી તમારા માસિક ખર્ચમાં વધારો થશે તે સ્વભાવિક છે.

## માતૃત્વના લાભની જાણકારી મેળવવી

તમારી કંપની માતૃત્વના લાભ આપે છે કે નહીં તેની જાણકારી તમારે મેળવવી જોઇએ. તમે તમારી બાકીની સીક લીવ કે અન્ય પેઇડ લીવને માતૃત્વની રજા સાથે ક્લબ કરી શકો કે નહીં તેની ચકાસણી તમારા હ્યુમન રિસોર્સિસ વિભાગમાં કરવી જોઇએ. મહિલા કર્મચારીઓ હોય તો તેમણે માતૃત્વની રજા લેતા અગાઉ કંપનીની રજાની અને માતૃત્વ માટેના વિરામની નીતિને સારી રીતે સમજવી જોઇએ. કંપનીની રજાની નીતિનું ઉલ્લંઘન કરવાથી તમને નુકસાન થઇ શકે છે. તમારી નોકરી જઇ શકે છે અથવા કંપનીને તમારે નાણાં ચૂકવવા પડે છે. જ્યારે ખર્ચ વધી રહ્યાં હોય ત્યારે કોઇ પણ દંપતિ માટે આ પ્રકારનો ખર્ચ મોટા ફટકો પાડી શકે છે.



## ખર્ચનું વ્યવસ્થાપન

તમે કોઇ સ્ટોરમાં બેબી શૂ જોઇ શકો છો, પણ થોડા અઠવાડિયામાં તમારા બાળકનો વિકાસ થવાથી તે નકામા થઇ જશે એટલે તમારે તેનો ખર્ચ ટાળવો જોઇએ. બેબી ક્લોથ, શૂ, ટોય વગેરે પાછળ દંપતિઓ ઘણો ખર્ચ કરે છે. જોકે આ પ્રકારના ખર્ચ મોટા ભાગના બિનજરૂર હોય છે.

સામાન્ય રીતે બેબી ક્લોથ અને એક્સેસરીઝ ખર્ચાળ હોય છે, કેટલીક વખત પુખ્તવયના વસ્ત્રો કરતાં વધારે મોંઘા હોય છે. તમારે સગાસંબંધી કે મિત્રોને તેમના મોટા થયેલા બાળકના જૂનાં વસ્ત્રો વિશે પૂછવું જોઇએ અને તમારા બાળકને ઉપયોગ હોય તો તેને ઉપયોગ કરવો જોઇએ. તમે આ રીતે થતી બચતનો ઉપયોગ બાળક માટે ઉપયોગી ચીજવસ્તુઓ માટે લઈ કરી શકો છો.

## લાઇફ અને હેલ્થ વીમો ઉતરાવો

તમારી પાસે જીવન વીમા ઉપરાંત પૂરતો હેલ્થ વીમો લેવો જોઇએ. તમે ફેમિલી ફ્લોટર પ્લાન ખરીદી શકો છો અને તેમાં તમારા બાળકને સામેલ કરી શકો છોઅથવા બાળક માટે વ્યક્તિગત પ્લાન ખરીદી શકો છો. કેટલાંક દંપતિઓ તો બાળકના જન્મ અગાઉ અનપેક્ષિત જટિલતા સામે સંરક્ષણ મેળવવા પત્ની અને બાળક બંનેનો વીમો ઉતરાવે છે. જો તમારી પાસે જીવન વીમા કવચ હોય તો તેને વધારવાની જરૂર છે. તમારી પાસે કોઈ વીમો ન હોય તો તમારે તાત્કાલિક ખરીદવો જોઇએ.

## રોકાણની વ્યૂહરચના બનાવો

બાળકનો ઉછેર કરવા પાછળ ઘણો ખર્ચ થાય છે. બાળકોના ભોજન, શિક્ષણ અને પરિવહન જેવા મૂળભૂત ખર્ચ માટે ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખની જરૂર પડી શકે છે. જો તમારું બાળક ઇજનેરી કે મેડિસિન જેવી વ્યાવસાયિક ડિગ્રી મેળવવા ઇચ્છે કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માગે તો ખર્ચમાં વધારો થઇ શકે છે. આ પ્રકારના લાંબા ગાળાના ખર્ચ માટે તમારે બાળકનો જન્મ થાય ત્યારથી જ આયોજન કરવું જોઇએ. હકીકતમાં અનેક યુવા દંપતિઓ બાળકના જન્મ અગાઉ જ આયોજનશરૂ કરે છે.

## લાંબા ગાળાની વ્યૂહરચનાનું વિભાજન કરીને શરૂઆત કરો

બાળકના ભવિષ્યના લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખો. તમારે તાત્કાલિક મોટું રોકાણ કરવાની જરૂર નથી. તમે નાની રકમ સાથે શરૂઆત કરી શકો છો, અને તમે લક્ષ્યાંકની નજીક હોય ત્યારે તમે ધીમે ધીમે તમારું રોકાણ વધારી શકો છો. ઉપરાંત તમે તમારા લક્ષ્યાંકોને લઇને સ્પષ્ટ હોવા જોઇએ, જેથી તમે તમારી યોજના સ્પષ્ટતાપૂર્વક બનાવી શકશો. દરેક લક્ષ્યાંક માટે તમારે કેટલી જરૂર છે તેની સ્પષ્ટતા હશે પછી તમે રોકાણના યોગ્ય ઉત્પાદનો પસંદ કરી શકો છો. આદર્શ રીતે, તમે જે ઉત્પાદન પસંદ કરો ત્યારે ચાર પરિબળો ધ્યાનમાં લેવા જોઇએ : રોકાણનો ગાળો, જોખમ ખેડવાની ક્ષમતા, પ્રાપ્તથતું વળતર અને આવક પરનો કરવેરો. ફાઇનાન્શિયલ પ્લાનિંગ કંપની ફ્રીડમ ફાઇનાન્શિયલ પ્લાનર્સના સ્થાપક અને સીઇઓ સુમીત વૈદનું કહેવું છે કે, સામાન્ય રીતે, લાંબા ગાળાના એટલે ૧૦ વર્ષના લક્ષ્યાંકો માટે ઇક્વિટી શ્રેષ્ઠ વિકલ્પ છે. તેમાં લક્ષ્યાંકો કેટલાંક વર્ષ દૂર હોવાથી તમે જોખમ ખેડી શકો છો. જોકે તમે ઇક્વિટીમાં રોકાણ કરવા અંગે ચોક્કસ ન હોય તો તમે મ્યુચ્યુઅલ ફંડ્સ પસંદ કરી શકો છો. આ માટે ફાઇનાન્શિયલ પ્લાનરની મદદ લો, જે તમને તમારા જોખમનું આકલન કરવા અને રોકાણની યોગ્ય વ્યૂહરચના પસંદ કરવા મદદ શકી છે.

**બાળકના જન્મ અગાઉ નાણાકીય આયોજન નહીં થાય તો સારું ભણતર હવે શક્ય નહીં બની શકે!!**




# કલ્પના કરી છે ક્યારેય? અફસોસ વિનાના જીવનની?

આપણામાંથી મોટા ભાગના લોકોને ક્યાંક ને ક્યાંક, ક્યારેક ને ક્યારેક જીવનમાં પોતે કરેલી કેટલીક પસંદગીઓ માટે અફસોસ સતાવ્યા કરે છે જે આપણને ક્યારેય સુખેથી ઝંપવા દેતી નથી, પરંતુ ભૂતકાળના સમય કે સંજોગોને હવે બદલી શકાતા નથી. અલબત્ત, કોઈ પણ પરિસ્થિતિઓમાં આપણાં મૂળભૂત જીવનમૂલ્યોને વળગી રહેવાનો નર્ધાર કરવામાં આવે અને એ સાથે આપણે મન જે મહત્વના છે તેમને દુઃખી ન કરવાના સજાગ પ્રયત્નો કરવામાં આવે તો બાકીનું જીવન ચોક્કસ અફસોસ વિના વિતાવી શકાય છે

શું તમારા જીવનમાં કેટલીક એવી બાબતો છે જેનો તમને કાયમ અફસોસ રહી ગયો હોય? એવો અફસોસ જે તમને તમારી હાલની જિંદગીને પૂરેપૂરી માણવામાં અવરોધ ભો કરતો હોય. તમને વારંવાર એવો વિચાર કરવા પર મજબૂર કરી મૂકતો હોય કે આવું હોત તો...? તેવું હોત તો...? હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આપણામાંથી મોટા ભાગના લોકો આ સવાલનો જવાબ હામાં આપશે.

જેમજેમ જીવનરાહ પર આગળ વધતા જઈએ છીએ તેમતેમ આપણને વધુ ને વધુ એવા લોકોનો ભેટો થતો જાય છે જેઓ અંતરમાં ક્યાંક ને ક્યાંક આવો અફસોસ લઈને ફર્યા કરતા હોય છે. કોઈને પોતાને ગમતા વિષયનો અભ્યાસ ન કર્યાનો અફસોસ હોય છે તો કોઈને ગમતા ક્ષેત્રમાં કારકિર્દી ન ઘડી હોવાનો અફસોસ તો વળી કોઈને પોતાને ગમતો જીવનસાથી ન મળ્યો હોવાનો અફસોસ. બલ્કે આજના મોડર્ન અને ગળાકાપ હરીફાઈના સમયમાં આ બધા કરતાં પણ સૌથી વધુ અફસોસ લોકોને પોતાના પરિવાર સાથે પૂરતો સમય વિતાવવા ન મળતો હોવાનો અને તેમને ભરપૂર પ્રેમ ન કરવા મળતો હોવાનો અફસોસ હોવાનું સૌથી જોવા મળે છે. આ અને આવા બીજા કેટલાય અફસોસ લોકોને પોતાનું હાલનું જીવન, પોતાનો હાલનો વ્યવસાય, હાલની નોકરી કે હાલના જીવનસાથી પ્રત્યે સંતોષ અનુભવવા દેતો નથી અને પોતે સમાધાનભર્યું જીવન વ્યતીત કરી રહ્યા હોવાની લાગણી આપે છે. આ વધુ મોટા નુકસાન માટેની પૂર્વતૈયારી છે જે તેમના સંપૂર્ણ જીવનને નકારાત્મક બનાવીને તેમની આ માન્યતાને વધુ મજબૂત બનાવે છે.

આવા લોકોને એવું લાગ્યા કરે છે કે જીવનના અમુક તબક્કે તેમણે કરેલી હતી એના કરતાં કેટલીક જુદી પસંદગીઓ કરી હોત તો અત્યારે તેમનું જીવન છે એના કરતાં ઘણું જુદું અને કદાચ વધુ સારું બની શક્યું હોત. બની શકે કે તેમની વાત સાચી પણ હોય, પરંતુ મહત્વની વાત એ છે કે હવે તેઓ એ પરિસ્થિતિઓને બદલવા શું કરી રહ્યા છે? મહદંશે કશું જ નહીં. આવા વખતે આપણે દોષનો ટોપલો નસીબ પર નાખીને મનને એવું મનાવી લેતા હોઈએ છીએ કે જે થયું એ આપણા ભાગ્યમાં લખાયેલું હતું તો વળી કેટલાક પોતાની જાતને દોષ આપી જીવનભર આ અફસોસમાં આળોટ્યા કરે છે.

અહીં ક્યાંક સાંભળેલી એક વાર્તાનો પ્લોટ યાદ આવે છે. પચાસની ઉંમર વટાવી ગયેલી એક મહિલાને એકાએક એવો અહેસાસ થાય છે કે પોતે એક ખોટી વ્યક્તિ બની ગઈ છે. સંયુક્ત પરિવારની સર્વેસર્વા અને પારિવારિક વ્યવસાયની ચેરમેન તે મહિલાને એવું લાગવા માંડે છે કે પોતે એક એવું જીવન જીવી રહી છે જે તેના માટે નથી બનેલું. અચાનક તેને એવો વિચાર સતાવવા માંડે છે કે કોલેજના દિવસોમાં તેણે પોતાના બૉયફ્રેન્ડને દગો આપીને ત્રણ પુત્રો ધરાવતા ધનાઢ્ય પુરુષ સાથે લગ્ન ન કર્યા હોત તો આજે તેનું જીવન કેવું હોત? તેથી તે નક્કી કરે છે અને સ્વેચ્છાએ જે જીવનનો ત્યાગ કર્યો હતો એ કેવું બની શક્યું હોત એ જોવા પ્રવાસે નીકળી પડે છે, પરંતુ એ પ્રવાસના અંતે તેને સમજાય છે કે સારા જીવન જેવું કશું હોતું નથી. દરેક વ્યક્તિનું સાચું જીવન એ જ છે જે તેને મળ્યું હોય છે. આપણા હાથમાં ફક્ત જે મળ્યું છે એને વધુ સારું બનાવવાના પ્રયત્નો માત્ર છે. ત્યાર બાદ જે મળે છે એ જ આપણું હોય છે.

તે મહિલાની જેમ જો આપણે બધા પણ એ સ્વીકારી લઈએ કે જે આપણને મળ્યું છે એ જ આપણા માટે બનેલું છે તો જીવનમાં ઘણી શાંતિ અને સંતોષ આવી શકે છે. આપણે સેકન્ડ બેસ્ટ સાથે અટવાઈ ગયા છીએ એ અફસોસના સ્થાને જે મળ્યું છે એ માટેનો શાંતિપૂર્ણ સ્વીકારભાવ જન્મે છે. કોઈનેય આ બની શક્યું હોત કે પેલું થઈ શક્યું હોત જેવા વિચારો સાથે જીવવાનું કે પછી એવા વિચારો કર્યા કરતી વ્યક્તિ સાથે જીવવાનું ગમતું નથી.

પરિસ્થિતિઓ કે સંજોગો જુદાં હોત તો... એવા વિચારોના વમળમાં ગોથાં લગાડવાનો કોઈ અર્થ નથી, કારણ કે ત્યારની પરિસ્થિતિઓ કે સંજોગોને હવે બદલી શકાતાં નથી; પરંતુ હાલ આપણી પાસે જે કંઈ છે એના પર ફોક્સ કરીને હવે જીવનમાં સાચી પસંદગી કરવા પર ધ્યાન આપવામાં આવે તો બાકીનું જીવન વધુ કે બીજા નવા અફસોસ સાથે વિતાવવાથી ચોક્કસ બચી શકાય છે. આ માટે સૌથી વધુ જરૂરી એ છે કે આપણે પોતાનાં મૂળભૂત મૂલ્યો સાથે ક્યારેય સમાધાન કરીએ નહીં તેથી અંદરખાને આપણને એટલું તો આશ્વાસન રહે કે વધુ કંઈ નહીં તો આપણે પોતાની જાતને તો વફાદાર રહ્યા જ હતા અને એ કર્યું હતું જે એ સમય અને સંજોગોમાં આપણે મન સૌથી વધુ સાચું અને સારું હતું.

